- માનનીય અધ્યક્ષશ્રી... માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીનો આ બીલ લાવવા માટે આભાર માનું છું.
- માનનીય અધ્યક્ષશ્રી... માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ એ ગુજરાતના વિકાસનો જે પથ કંડાર્યો હતો તેના થકી ગુજરાતે સમગ્રવ્યાપી વિકાસ હાંસલ કર્યો છે. વર્ષ ૨૦૧૫ માં જ્યારે સખાવતી સંસ્થાઓના પ્રશ્નો આપણી સરકાર સમક્ષ રજૂ કરવામાં આવ્યા ત્યારે આપણી સંવેદનશીલ ભાજપ સરકાર દ્વારા સખાવતી સંસ્થાઓની પ્રવૃત્તિઓને વેગ અને પ્રોત્સાહન મળે અને જનસામાન્યની સુખાકારીના હેતુથી સુધારા અધિનિયમ ૨૮/૨૦૧૫ થી આ સુધારા કલમ ૬૩ AC દાખલ કરવામાં આવી. અને છ માસમાં આવી બિનખેતીની અરજી કરવાની સમયમર્યાદા નક્કી કરવામાં આવી. વર્ષ ૨૦૧૯ માં આવી સમયમર્યાદામાં વધારો કરવાની જરૂરિયાત જણાતા આપણે ૨૦૧૯માં આવી બિનખેતી પરવાનગીની અરજી કરવાની સમયમર્યાદા ૨૮/૦૮/2020 સુધી લંબાવવામાં આવેલ જેમાંથી સમગ્ર રાજ્યનાં અલગ-અલગ જિલ્લાઓની ૯૦ જેટલી બહોળા પ્રમાણમાં સખાવતી સંસ્થાઓને લાભાન્વિત કરવામાં આવેલ અને પુન: આવી સખાવતી સંસ્થાઓ પ્રવૃત્તિઓને લાભ આપવાની તત્પરતા દર્શાવતા આ સુધારા વિધેયકને સમર્થન આપુ છું.